# CMના આગમન પૂર્વે લારી મુદ્દે બે પક્ષ વચ્ચે મારામારી

**ગાર્ડા ચાલ વિસ્તારમાં લારીના મામાલે ઝઘડો થતાં થોડા સમય માટે વાતાવરણ તંગ થઈ ગયું હતું**

નવસારી: નવસારી શહેરમાં રાજ્યપાલ અને મુખ્યમંત્રીના આગમનને પગલે મનપા અને પોલીસ તંત્ર દ્વારા માર્ગો પરથી લારી-ગલ્લા ખસેડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

આ કાર્યવાહી વચ્ચે રેલવે સ્ટેશન નજીક આવેલા ગાર્ડા ચાલ વિસ્તારમાં ઈંડાની લારી મૂકવાના મુદ્દે બે પક્ષો વચ્ચે ઉગ્ર વિવાદ સર્જાયો હતો. બોલાચાલીથી શરૂ થયેલો વિવાદ મારામારી સુધી પહોંચતાં બંને પક્ષોએ એકબીજા સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી મુજબ, ગાર્ડા ચાલ વિસ્તારમાં રહેતા આરિફ, ઇમ્તિયાઝ અને તેમના પરિવારના સભ્યો દ્વારા ચાલ વિસ્તારમાં ઈંડાની લારી મૂકવામાં આવી હતી. આ બાબતે નજીકમાં રહેતા અને ડેરીનો વ્યવસાય કરતા દીપન શાહ તથા તેમના પરિવારજનો સાથે તકરાર થઈ હતી. રાજ્યપાલ અને મુખ્યમંત્રીના કાર્યક્રમને કારણે લારી-ગલ્લા હટાવવા માટે તંત્ર દ્વારા આપવામાં આવેલી સૂચનાઓ વચ્ચે લારી મૂકવાના મુદ્દે બંને પક્ષો સામસામે આવી ગયા હતા.

ડેરી સંચાલક દીપન શાહ દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદમાં જણાવાયું છે કે આરિફ, ઇમ્તિયાઝ અને અલાનવાઝ સહિતના લોકોએ તેમની સાથે તેમજ તેમના કાકાના દીકરા ઋષભ શાહ સાથે ગાળાગાળી કરી ધક્કામુક્કી અને મારામારી કરી હતી. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

બીજી તરફ સમીના આરિફ શેખ દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે ઈંડાની લારી મૂકવા બાબતે થયેલા વિવાદ દરમિયાન દીપન શાહ, પિયુષ શાહ અને ઋષભ શાહે તેમના પતિ આરિફ અને ઇમ્તિયાઝ પર હુમલો કર્યો હતો. ઘટનામાં બંનેને ઇજાઓ પહોંચતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હોવાનું પણ ફરિયાદમાં નોંધાયું છે.

બનાવ બાદ વિસ્તારમાં થોડા સમય માટે તંગદિલીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી. પોલીસે બંને પક્ષોની ફરિયાદના આધારે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# રેલવે સ્ટેશન નજીક દબાણથી પરેશાની: વેપારીઓની રજૂઆત

**ગેરકાયદે લારી ગલ્લા દૂર કરવા વેપારીઓની કલેક્ટર સમક્ષ રજૂઆત**



નવસારી: નવસારી રેલવે સ્ટેશન સામે આવેલા વેપારીઓએ જાહેર માર્ગો અને દુકાનોની સામે ઉભા રહેતા લારી-ગલ્લાઓ તથા અન્ય અતિક્રમણોને કારણે સર્જાતી સમસ્યાઓ અંગે જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

વેપારીઓએ રજૂઆતમાં જણાવ્યું છે કે તેઓ કાયદેસર રીતે દુકાનો ચલાવે છે તેમજ નિયમિતપણે મિલકત વેરો, લાયસન્સ ફી અને અન્ય સરકારી ચાર્જીસ ભરે છે. તેમ છતાં, સ્ટેશન સામેના જાહેર માર્ગો અને દુકાનોની સામે કેટલાક લારી-ગલ્લાવાળાઓ દ્વારા વેપાર કરવામાં આવતો હોવાથી દુકાનદારો અને ગ્રાહકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

રજૂઆત મુજબ, દુકાનોની સામે ઉભા રહેતા લારી-ગલ્લાઓના કારણે ગ્રાહકોને દુકાનો સુધી પહોંચવામાં અગવડતા પડે છે. ઉપરાંત સ્ટેશન રોડ પર વાહનોની અવરજવર વધુ હોવાથી અતિક્રમણના કારણે ટ્રાફિકની સમસ્યા પણ સર્જાય છે. વેપારીઓનું કહેવું છે કે જાહેર માર્ગો પર વધતા દબાણને કારણે રાહદારીઓ અને મુસાફરોને પણ હાલાકીનો સામનો કરવો પડે છે.

વેપારીઓએ વધુમાં જણાવ્યું છે કે રાત્રિના સમયે કેટલીક લારીઓ દુકાનોના પ્રવેશદ્વાર સામે મૂકી દેવામાં આવતી હોવાથી ઈમરજન્સી સમયે પ્રવેશ અને બહાર નીકળવામાં મુશ્કેલી ઊભી થઈ શકે છે. કેટલીક જૂની અને બિનઉપયોગી લારીઓ પણ લાંબા સમયથી જાહેર સ્થળોએ ઉભી રાખવામાં આવી હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

વેપારીઓએ સ્થળના ફોટોગ્રાફ્સ સાથે રજૂઆત કરી રેલવે સ્ટેશન સામેના વિસ્તારને વધુ સુવ્યવસ્થિત, સ્વચ્છ અને અવરોધમુક્ત બનાવવા જરૂરી પગલાં ભરવા રજૂઆત કરી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### ડાંગનાં બીલીઆંબા ખાતે જનકલ્યાણ શિબિર યોજાઈ




સાપુતારા: રાજ્ય સરકારની જન કલ્યાણલક્ષી યોજનાઓનો લાભ છેવાડાના નાગરિકો સુધી સરળતાથી પહોંચે તેમજ વિવિધ સેવાઓ એક જ સ્થળે ઉપલબ્ધ બને તે હેતુસર સુબીર તાલુકાના બીલીઆંબા પ્રાથમિક શાળા ખાતે જનકલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતુ.આ શિબિરમાં વિવિધ વિભાગો દ્વારા સરકારી યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. તેમજ લાભાર્થીઓને યોજનાકીય સહાય અને જરૂરી પ્રમાણપત્રોનું વિતરણ પણ કરવામાં આવ્યું હતુ. શિબિરમાં આરોગ્ય, મહિલા અને બાળ વિકાસ, શિક્ષણ, પંચાયત, મહેસૂલ સહિતના વિભાગોએ પોતાના સ્ટોલ મારફતે નાગરિકોને માહિતી અને સેવાઓ પૂરી પાડી હતી. કાર્યક્રમમાં ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ રાજુભાઈ ગામિત, તાલુકા પંચાયત પ્રમુખ સંજયભાઈ પવાર, તાલુકા પંચાયત ઉપપ્રમુખ રઘુભાઈ સાળવે, તાલુકા પંચાયત સદસ્ય બચુબેન બારીશ, જગનભાઈ વળવી, માજી તાલુકા પંચાયત પ્રમુખ બુધુભાઈ કામડી, કેશબંધ ગ્રામ પંચાયતના સરપંચ વસનજીભાઈ કુંવર તથા સુબીર તાલુકાના સામાજિક આગેવાન વિનેશભાઈ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સુબીર મામલતદાર આઈ.એમ.સૈયદ, મેડિકલ ઓફિસર શીંગાણા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### બગવાડા ટોલનાકા નજીક કારમાં રૂ. 1.42 લાખના દારૂ સાથે બુટલેગર ઝડપાયો



પારડી: વલસાડ એલસીબીની ટીમે બાતમીના આધારે વોચ ગોઠવી હતી, ત્યારે બગવાડા ટોલનાકા હાઇવે પર કીયા કાર નં. GJ 02 EN 0040ને રોકી તલાશી લેતા ડિક્કી તેમજ પાછળની સીટના ભાગે રૂ. 1.42 લાખનો દારૂ જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કાર ચાલક આરોપી કિરીટ ઉર્ફે કૌશિક જશવંતભાઈ ચૌધરી રહે. પાટણને ઝડપી પાડ્યો હતો. પોલીસે દારૂનો જથ્થો, કાર, મોબાઈલ સહિત કુલ રૂ. 6.45 લાખ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ ગુનામાં દારૂનો જથ્થો ભરી આપનાર સંદિપ અને મંગાવનાર સાગર રબારી (રહે. રાધનપુર)ને વોન્ટેડ જાહેર કરી પારડી પોલીસ મથકે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ધરમપુર હોસ્પિટલમાં દર્દીઓને ફળ વિતરણ કરી રાહુલ ગાંધીનો જન્મદિવસ ઉજવાયો




ધરમપુર: કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીના જન્મદિવસ નિમિત્તે ધરમપુર સરકારી હોસ્પિટલ ખાતે સેવા કાર્યનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશન પટેલના નેતૃત્વમાં કોંગ્રેસના આગેવાનોએ હોસ્પિટલમાં દાખલ દર્દીઓને રૂબરૂ મળી તેમની તબિયતની જાણકારી મેળવી ફળફળાદીનું વિતરણ કર્યું હતું. આ કાર્યક્રમમાં તાલુકા મહામંત્રી મુફીદ પઠાણ, તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા દેવુ મોકાસી, તાલુકા પંચાયત સભ્ય રસીક પટેલ, જિલ્લા કોંગ્રેસના ડેલિગેટ ફહીમ બાહનાન, નરેશ ચૌધરી, કાગંવીના પૂર્વ સરપંચ ગણપત ચૌધરી, વસીમ શેખ, હનીફ શેખ સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### આહવાનાં રોજગાર ભરતી મેળામાં 56 યુવાનને રોજગારી મળી




સાપુતારા: આહવા તથા આગાખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ (ભારત) ના સંયુક્ત ઉપક્રમે તા. 11 અને 12 જૂન, 2026 દરમિયાન રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભરતી મેળામાં તાપી જિલ્લામાં આશરે 260 તેમજ ડાંગ જિલ્લામાં 250થી વધુ રોજગાર ઇચ્છુક યુવક-યુવતીઓએ ભાગ લીધો હતો. ભરતી પ્રક્રિયા દરમિયાન 250થી વધુ ઉમેદવારોને ટાટા મોટર્સ કંપની દ્વારા પ્રાથમિક પસંદગી (શોર્ટ લિસ્ટ) માટે પસંદ કરવામાં આવ્યા હતા. અંતિમ પસંદગીમાં તાપી અને ડાંગ જિલ્લાના કુલ 56 યુવાનને ટાટા મોટર્સમાં રોજગારી મેળવવાની તક પ્રાપ્ત થઈ છે.

### અબ્રામા રોડ પર અકસ્માતમાં યુવાનનું મોત

નવસારી: ગત 16 જૂનના રોજ ટાટા ટેમ્પો (નં. GJ-21-W-8339)ના ચાલકે બેદરકારીપૂર્વક વાહન હંકારી હોન્ડા શાઈન મોટરસાયકલ (નં. GJ-16-8607)ને ટક્કર મારી હતી. અકસ્માતમાં મોટરસાયકલ ચાલક રાહુલ બઘેલને પગ અને માથાના ભાગે ગંભીર ઇજાઓ પહોંચી હતી. ઇજાગ્રસ્ત રાહુલને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન 18 જૂનના રોજ તેનું મોત નીપજ્યું હતું. આ અંગે મૃતકના મિત્ર કનેરિયા રાજ ફોજાભાઈ (ઉ.વ. 25)એ જલાલપોર પોલીસ સ્ટેશનમાં ટેમ્પો ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

### વાપી છરવાડામાં કારના હપ્તાના પૈસા નહીં આપતા બે ભાઈએ એકને લાકડાથી માર્યો

વાપી: વાપી ડુંગરા પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, મૂળ યુપી અને હાલ વાપી નજીકના છરવાડા, રમઝાનવાડી, સાંઈ વિહારમાં અમિત રાજેન્દ્ર પ્રસાદ (ઉ.34) રહે છે. બે વર્ષ પહેલા (1) કેવિન મુકેશભાઈ પટેલ (2) મંથન મુકેશભાઈ પટેલ (બંને રહે. છરવાડા, રામવાડી, વાપી) પાસેથી કાર લીધેલ અને તેના હપ્તા નહીં ભરેલ તથા તેના રૂપિયા નહીં આપતા ગત તા.17-6-26 ના રોજ આ બાબતે બંને ભાઈઓ આવ્યા મંથને પકડી રાખ્યો હતો અને કેવીને લાકડાથી અમિતને માર્યો હતો. ઈજાગ્રસ્તને વાપીની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડયો હતો. આ બનાવ અંગેની ફરિયાદ અમિતે વાપી ડુંગરા પોલીસ મથકમાં કરી હતી.

# આહવાના 12 ખૂંખાર કેદીને નવસારી જેલમાં મોકલવા પડ્યા

**ગંભીર ગુનાના 10 પુરુષઅને 2 મહિલા કેદીની જેલ ટ્રાન્સફર કરવા કોર્ટે મંજૂરી આપી**

સાપુતારા: ડાંગ જિલ્લાની આહવા સબ જેલમાં રહેલા અતિ ગંભીર ગુનાના કેદીઓની સુરક્ષા જળવાઈ રહે તે હેતુથી ૧૨ જેટલા કેદીઓને નવસારી જિલ્લા જેલમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. ડાંગ-આહવાના પોલીસ અધિક્ષક પૂજા યાદવના માર્ગદર્શન હેઠળ આ નવતર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, આહવા સબ જેલમાંથી અગાઉ ગંભીર ગુનાના કેદીઓ ફરાર થઈ ગયા હોવાની ઘટના બની હતી.

આ પ્રકારની ઘટનાઓનું પુનરાવર્તન ન થાય અને જેલની સુરક્ષા વ્યવસ્થા જળવાઈ રહે તે માટે આહવા સબ જેલના ઈનચાર્જ જેલર અને આહવા પોલીસ સ્ટેશનના થાણા ઈનચાર્જ દ્વારા સંયુક્ત સંકલન સાધવામાં આવ્યું હતું. ત્યારબાદ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની વિવિધ કલમો હેઠળ નોંધાયેલા ગુનાના કેદીઓને અન્યત્ર ખસેડવા માટે કોર્ટમાં અહેવાલ રજૂ કરી જેલ ટ્રાન્સફર માટેની દરખાસ્ત કરવામાં આવી હતી. કોર્ટ દ્વારા દરખાસ્ત મંજૂર કરી જેલ ટ્રાન્સફરનો હુકમ કરવામાં આવતા જ, ડાંગ જિલ્લા પોલીસ દ્વારા ચુસ્ત પોલીસ જાપ્તા સાથે કાર્યવાહી કરવામાં આવી હતી. આહવા સબ જેલમાં સજા કાપી રહેલા અતિ ગંભીર ગુનાના કુલ ૧૨ કેદીઓ, જેમાં ૧૦ પુરુષ કેદી અને ૦૨ મહિલા કેદીઓનો સમાવેશ થાય છે, તમામને યોગ્ય પોલીસ બંદોબસ્ત સાથે નવસારી જિલ્લા જેલમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે.

# મોત સામે ઝઝૂમતા બાળકને બચાવ્યું, પોતે જિંદગી હારી ગયા

**બાળકને બચાવવા જતાં મોતને ભેટેલા યુવાનના નેત્રદાન થકી બે વ્યક્તિના જીવન પ્રકાશમય બન્યાં**



નવસારી: જલાલપોર તાલુકાના આટ ગામે રૂપણ તળાવમાં ડૂબી રહેલા એક માસૂમ બાળકનો જીવ બચાવવા માટે પાણીમાં ઝંપલાવનાર 31 વર્ષીય યુવાને પોતાનો જીવ ગુમાવ્યો હતો. જોકે મૃત્યુ બાદ તેમના પરિવારજનોએ નેત્રદાન કરાવી તેમની માનવતાને વધુ ઉંચાઈ આપી છે.

મળતી માહિતી મુજબ, 18 જૂનના રોજ સાંજે આશરે 6 વાગ્યે આટ ગામના રૂપણ તળાવ ખાતે 6 વર્ષીય હાર્દિક પાણીમાં નાહવા દરમિયાન અચાનક ઊંડા ભાગમાં પહોંચી જતાં ડૂબવા લાગ્યો હતો. બાળકને મુશ્કેલીમાં જોઈ ગામના જ રહેવાસી અને મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા જયેશભાઈ લલ્લુભાઈ હળપતિ (ઉ.વ. 31) કોઈપણ વિચાર કર્યા વિના તરત જ તેને બચાવવા માટે તળાવમાં કૂદી પડ્યા હતા.

બાળકને બચાવવાના પ્રયાસ દરમિયાન જયેશભાઈ પોતે જ ઊંડા પાણીમાં ફસાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો તેમજ 108 ઈમરજન્સી સેવા તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. 108ના કર્મચારીઓએ બાળકને સીપીઆર આપી તેનો જીવ બચાવવામાં સફળતા મેળવી હતી, પરંતુ જયેશભાઈને બચાવી શકાયા નહોતા. તેમનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ મૃતકના ભાઈ બાબુભાઈ લલ્લુભાઈ હળપતિએ પોલીસને કરતાં પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. એ.એસ.આઈ. શૈલેષભાઈ અજબસિંહ તપાસ કરી રહ્યા છે. દુ:ખની આ ઘડીમાં પણ પરિવારજનોએ સમાજને પ્રેરણા મળે એવો નિર્ણય લઈ જયેશભાઈનું નેત્રદાન કરાવ્યું હતું. સામાજિક કાર્યકર મહેન્દ્ર દરબારની હાજરીમાં સિવિલ હોસ્પિટલ ખાતે નેત્રદાનની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી.

## મોલધરામાં પૂર્ણા નદીમાં ડૂબી જતાં 7 વર્ષીય બાળકનું મોત

નવસારી: નવસારી તાલુકાના મોલધરા ગામે પૂર્ણા નદીમાં ડૂબી જવાથી 7 વર્ષીય બાળકનું કરુણ મોત નીપજ્યું હતું. આ ઘટના 18 જૂનના રોજ આશ્રમ ફળિયા નજીક આવેલી સાંઈ ફાર્મ હાઉસ પાસે બની હતી. મળતી માહિતી મુજબ, મૂળ મધ્યપ્રદેશના ધાર જિલ્લાના અને હાલ મોલધરા ગામે કડિયાકામ કરતા મહેશ મુકામસિંહ સિસોદિયાનો પુત્ર નીતિક સિસોદિયા (ઉ.વ. 7) નદી કિનારે રમતા રમતા પૂર્ણા નદીના ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. ડૂબી જવાથી તેનું મોત નીપજતાં પરિવાર પર દુ:ખનો પહાડ તૂટી પડ્યો હતો. પોસ્ટમોર્ટમની કાર્યવાહી પૂર્ણ થયા બાદ નવસારીના સામાજિક કાર્યકર મહેન્દ્ર દરબારે મૃતક બાળકનો મૃતદેહ તેના વતન મધ્યપ્રદેશ પહોંચાડવા માટે જરૂરી વ્યવસ્થા અને સહયોગ પૂરો પાડ્યો હતો.

## ડાંગમાં યોગ દિવસની ઉજવણી કરાશે

સાપુતારા: આ વર્ષે વિશ્વ યોગ દિવસ 'સ્વસ્થ જીવન માટે યોગ' થીમ અંતર્ગત ઉજવવામાં આવી રહ્યો છે, જે આધુનિક જીવનશૈલીમાં સંતુલન લાવવા તેમજ સમગ્ર માનવજાતિના કલ્યાણનો સંદેશો આપે છે. ડાંગ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ નિમિત્તે જિલ્લા કક્ષાના મુખ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જે મુજબ તારીખ ૨૧ મી જૂન રવિવારે) સવારે ૬થી ૮ વાગ્યા સુધી પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે આ કાર્યક્રમ યોજાશે. આ ઉત્સવમાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને ડાંગના ધારાસભ્ય વિજયભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. જ્યારે કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેશભાઈ એમ.ગામીત ઉપસ્થિત રહેશે.

# એરૂ બ્રિજ નજીક બંગલામાંથી રૂ.7.06 લાખની મત્તા ચોરાઈ

**એક દિવસ બંધરહેલા બંગલાને નિશાન બનાવતા કોઈ જાણભેદુનો હાથ હોવાની શક્યતા**

નવસારી: કરિયાણાના વેપારી છોટેલાલ ભક્તાનો પરિવાર થોડા દિવસ પહેલાં જ વિજલપોર સ્થિત પોતાના નિવાસસ્થાનેથી નિસર્ગ વિલા ખાતે રહેવા આવ્યો હતો. ગત 16 જૂનના રોજ પરિવારજનો બંગલાને તાળું મારી બહાર ગયા હતા. બીજા દિવસે સાંજે પરિવારના સભ્યો ઘરે પહોંચતા ઘરમાં સામાન વેરવિખેર હાલતમાં જોવા મળ્યો હતો. તપાસ કરતાં કબાટો અને લોકરનાં તાળાં તૂટેલા તેમજ કિંમતી સામાન ગાયબ હોવાનું જાણવા મળ્યું હતું.

તસ્કરોએ બંગલાની બાજુમાં આવેલી લોખંડની ગ્રીલ તોડી ઘરમાં પ્રવેશ કર્યો હોવાનું સામે આવ્યું છે. ત્યારબાદ ઘરના અલગ-અલગ રૂમોમાં રાખેલા સોનાની ચેન, વીંટીઓ, પેન્ડલ, બુટ્ટી, ચાંદીના ઝાંઝર, ચાંદીનાં વાસણો તેમજ મોબાઈલ ફોન મળી કુલ રૂ.7,06,250ની મત્તા ચોરી કરી હતી. ચોંકાવનારી બાબત એ છે કે સોસાયટીના મુખ્ય ગેટ પર સિક્યુરિટી ગાર્ડ હાજર હોવા છતાં તસ્કરો પાછળના ભાગેથી ઘરમાં પ્રવેશી ચોરીને અંજામ આપવામાં સફળ રહ્યા હતા. પોલીસ તપાસ દરમિયાન સોસાયટીના આંતરિક વિસ્તારોમાં CCTV કેમેરાની પૂરતી વ્યવસ્થા ન હોવાનું પણ બહાર આવ્યું છે.

# આહવામાં 'માનવ સર્જિત' પાણીની તંગીથી લોકો પરેશાન

**ગેરકાયદે મોટર મૂકી પાણી ખેંચી લેનારાઓ તેમજ લિકેજના કારણે વેડફાતા પાણીના કારણે લોકોને પૂરતું પાણી મળતું નથી**



સાપુતારા: ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવામાં પીવાના પાણીની વિકટ સમસ્યા ઉભી થતાં સ્થાનિકોમાં વ્યાપક રોષ જોવા મળી રહ્યો છે.ખાસ કરીને આહવાની મેડિકલ કોલોની અને પોલીસ લાઈન પાછળના વિસ્તારમાં રહેતા પરિવારો પાણીનાં ટીપે-ટીપાં માટે તરસતા થઈ ગયા છે.

આ અછતથી કંટાળીને આખરે રહીશોએ એકઠા થઈને તલાટી કમ મંત્રીને લેખિત અને મૌખિક રજૂઆત કરી છે અને તાકીદે પાણી પુરવઠો નિયમિત કરવા માંગ કરી છે.

સ્થાનિક નાગરિકોના આક્ષેપ અનુસાર, આ જળસંકટ માનવીય ભૂલો વધુ જવાબદાર છે.ગાંધી કોલોની વિસ્તારમાં રહેતા કેટલાક શખ્સો મુખ્ય પાણીની લાઈનમાંથી જ ડાયરેક્ટ હેવી મોટરો લગાવીને પાણી ખેંચી રહ્યા છે.આ ગેરકાયદેસર પ્રવૃત્તિના લીધે પાઈપલાઈનના છેડે આવેલા ઘરો સુધી પાણીનું પ્રેશર બિલકુલ નહિવત થઈ જાય છે, જેથી સામાન્ય નાગરિકો હેરાન થઈ રહ્યા છે.વર્ષો જૂની પાઈપલાઈનોમાં રહેલા લીકેજને કારણે પણ હજારો લીટર પાણીનો બગાડ થઈ રહ્યો છે.

કાળઝાળ ગરમી વચ્ચે પાણીના સ્ત્રોત સૂકાઈ ગયા છે. પાણીની તીવ્ર માંગ વધી ગઈ છે. તંત્રના નબળા આયોજન અને પાણી ચોરોની દાદાગીરીને કારણે લોકો હવે આકાશ તરફ ચાતક નજરે વરસાદની રાહ જોઈ રહ્યા છે.

# સિંદોનીમાં સામાજિક સહાયનો ધોધ વહ્યો

**સામાજિક સંગઠનો દ્વારા તમામ પ્રકારની ઘરવખરી અને આર્થિક સહાય આપવામાં આવી**



વાપી: તાજેતરમાં દાદરા અને નગર હવેલીના સિંદોની ગામમાં એક દુર્ભાગ્યપૂર્ણ ઘટનામાં લાગેલી ભીષણ આગમાં એક ગરીબ પરિવારે પોતાનું ઘર અને ઘરવખરી ગુમાવી દીધી હતી. આ કઠિન સમયમાં પીડિત પરિવારને માનવીય સહાય પૂરી પાડવા માટે સેલવાસના સેવાભાવી શ્યામસિંહ રાજપુરોહિતનું રાજપુરોહિત સેવા સંગઠન અને સર્વ આદિવાસી સમાજ સંગઠન દ્વારા સંયુક્ત રીતે મદદનો હાથ લંબાવવામાં આવ્યો છે.

આગના કારણે પરિવારની જીવનજરૂરિયાતની તમામ ચીજવસ્તુઓ બળીને રાખ થઈ ગઈ હતી, જેના પરિણામે પરિવાર મુશ્કેલીમાં મૂકાયો હતો.

આ પરિવારને તાત્કાલિક જરૂરિયાત પૂરી પાડવા માટે શ્યામસિંહ રાજપુરોહિતની ટીમ દ્વારા ઘરવખરીના તમામ સાધનો, જેમાં પલંગ અને બે જોડી બિસ્તર સેટ, વાસણો, પંખા, સોલાર લાઈટ, અનાજ,તેલ, મસાલા સહિત ઘરના બધા જ સભ્યોને કપડાં આપી સેવાનું કાર્ય કરવામાં આવ્યું હતું. સર્વ આદિવાસી સમાજના શંકર ગોરાત, મુકેશ પટેલ, જુગલ પટેલ અને તેમની ટીમ દ્વારા રોકડ રકમની સહાય સાથે ઘર બનાવવામાં મદદ થવાનું કામ કર્યું છે.

સેવાકાર્યમાં જોડાયેલા સંગઠનોના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે, આ એક સામાજિક જવાબદારી છે. જ્યારે પણ સમાજનો કોઈ ભાઈ કે બહેન આવી આફતનો સામનો કરતા હોય, ત્યારે એક થઈને મદદ કરવી એ આપણી સંસ્કૃતિ છે.

# પોક્સોના આરોપીને આહવા પોલીસે અઢી મહિને પકડયો

સાપુતારા: ડાંગ જિલ્લાનાં આહવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં છેલ્લા અઢી મહિનાથી અપહરણ, બળાત્કાર અને પોક્સો જેવા ગંભીર ગુનામાં સંડોવાયેલા અને નાસતા ફરતા આરોપીને પકડી પાડવામાં આહવા પોલીસને સફળતા મળી છે.

ઘટનાની વિગત મુજબ, ગત તારીખ ૦૩/૦૪/૨૦૨૫ના રોજ આહવા તાલુકાના ગઢદ ગામના એક પરિવારની સગીર વયની દીકરીનું કોઈ અજાણ્યો ઈસમ અપહરણ કરીને લઈ ગયો હતો. આ અંગે આહવા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો.

પોલીસ ઈન્સ્પેક્ટર જે.કે. બારીયા દ્વારા અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી. અપહરણ થયેલી સગીરાને શોધી કાઢવા અને આરોપીને ઝડપી પાડવા માટે પોલીસે હ્યુમન સોર્સીસ તેમજ ટેકનિકલ સર્વેલન્સની મદદ લીધી હતી. આરોપી સતત પોતાના લોકેશન બદલીને પોલીસને થાપ આપવાનો પ્રયાસ કરી રહ્યો હતો. આરોપી તુષાર ઉર્ફે ટીકુ સુરેશભાઈ પવાર (ઉંમર વર્ષ ૨૧, રહે. ગઢવી ગામ, તા. આહવા, જિ. ડાંગ) ને કલમખેત ગામમાંથી દબોચી લીધો હતો.